ગાંધીનગર સમાચાર



# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

એ બધું ભૂલી ગયા ચાલો સરસ,
વાયદો ચૂકી ગયા ચાલો સરસ.

જે ઉદાસીને ભગાડી ધાક દઈ,
એ ફરી મૂકી ગયા ચાલો સરસ.

સાંજને સુંદરતા સારી આપવા
વાદળો ઝૂકી ગયા ચાલો સરસ.

જે કળી તાજી હતી એ બાગમાં,
એને પણ ચૂંટી ગયા ચાલો સરસ.

કહેતાં જેને આપણાં માની બધું,
એ બધા ફૂટી ગયા ચાલો સરસ.

અંજના ગોસ્વામી 'અંજુમ આનંદ'

## પાથેય

- રમેશ ઠક્કર


# ચાલો સરસ..!

જીવન માટે અભિગમ મહત્વનો છે.અમારા એક શિક્ષક અમને દરરોજ શિખામણ આપતા કે જો તમે ફાવશે,ગમશે,અને ભાવશે એ ત્રણ શબ્દો શીખી જશો તો જીવનમાં ક્યારેય નિરાશ નહીં થાય.અને સાચે જ અનુભવે એ સમજાયું છે કે જો સંતોષ અને ચલાવી લેવાની ભાવના કેળવાય તો જીવવું આસાન બની જતું હોય છે..આ મંત્ર આમ જોઇએ તો નાનકડો છે પણ એને યાદ રાખવો કે આત્મસાત કરવો મુશ્કેલ છે.કોઇ માણસ આપણને આપેલું વચન ભૂલી જાય..આપણું કોઇ કામ કહેવા છતાં ના કરે ત્યારે એના સંજોગો કે હાલત ધ્યાને રાખી એ સહજ સ્વીકારી કહેવું કે 'ચાલો સરસ" એમની મજબૂરી હશે..આ વાત એટલી આસાન હોતી નથી.અમુક લોકો બીજાની ભૂલને આ રીતે સહજ ભાવે માફ કરી શકે છે..એવા લોકો અલગ તરી આવતા હોય છે.

ઘણા લોકો આપણને મળે છે.આત્મીયતા બંધાય છે.સંબંધોની સાંકળ મજબૂત થતી જાય છે.એની એક લેણદેણ હોય છે.ક્યારેક એમાં ઘસરકો પડે કે વિશ્વાસ ડગમગે ત્યારે લાગણીનો ઝરો સૂકાઇ જતો લાગે.જે લોકો આપણને આનંદ આપતા હોય એ આપણી ઉદાસી માટેનું કારણ બની જાય એમ પણ બને..એ વખતે એક કવિ જ આવું કહી શકે કે ચાલો આ પણ સરસ..!

એવું કહેવાય છે કે હંમેશાં લીલાં નારિયેળ જ વધેરાતાં રહે છે.શો-કેઇઝમાં બનાવટી શ્રીફળ જ શોભતાં રહે છે.જગતમાં જે સારા હોય છે એમની દશા સારી નથી હોતી.બગીચામાં જે કોઈ તાજી હોય કે લ્હેરાતી હોય એને જ લોકો સૌ પ્રથમ ચૂંટી જતા હોય છે..આ દસ્તૂર છે દુનિયાનો.એની સામે ખુમારીથી એમ કહેતા રહેવું કે ચાલો આ પણ સરસ એક અનોખી વાત છે.આયખાભર આપણે જેને પોતાનાં માની પ્રેમ આપતા રહીએ..જેની હૂંફ બનીને પડખે રહ્યા હોઇએ..આપણો આધાર માની જેના વિશ્વાસે જીવતા હોઇએ એવા લોકો પણ જયારે ફૂટી જાય કે વિમુખ થઈ જાય ત્યારે થાકીને બેસી જવાના બદલે જે લોકો એમ કહી શકે કે ચાલો જીવનનો આ રંગ પણ બહુ સરસ..અને એ રીતે પોતાની જાતને અડીખમ રાખી શકે એનું જીવન સરસ જ હોય એમાં બે મત નથી.

# ઈશ્વરની કૃપાનો વહેતો પ્રવાહ




(૧) ૩૧ મે ૧૯૪૭ના રોજ એનો જન્મ થયો ન્યૂયોર્કમાં, નામ એનું જેફરી કગેલ. હિંદુ ધર્મ તરફ એને અતૂટ શ્રદ્ધા. એટલે એણે પોતાનું નામ રાખ્યું. ક્રિષ્ના દાસ. સમગ્ર અમેરિકામાં એની ગાયક તરીકેની, સંગીતકાર તરીકેની અને કવિ તરીકેની અનહદ પ્રતિષ્ઠા.

(૨) હિમાલયની તળેટીમાં કૂમાઉંની ટેકરીઓ, એની વચ્ચે વસેલું ગ્રામ્ય - કૈંચી. આ ગામને સીમાડે હનુમાનજીનું મંદિર અને આશ્રમ. મહારાજી શ્રી નામ કરોલી બાબાનાં આ સ્થાનકો. લોકો આ સંતપુરુષને હનુમાનજીનો અવતાર જ માને.

(૩) ૧૯૭૦માં ક્રિષ્ના દાસ પોતાના મિત્રો સાથે આશ્રમમાં આવ્યા. ક્રિષ્ના દાસને હનુમાન ચાલીસામાં રસ પડ્યો. પરંતુ મર્યાદા મોટી. પોતાનો માત્ર અંગ્રેજી આવડે, અને આ સ્તુતિમાં તો સોળમી સદીની અવધ બોલી. પરંતુ ગુરુજીનો સહકાર એની સાથે. લાગલગાટ બાર મહિનાનો પયત્ન. એમણે આ સ્તુતિ ઉપર પ્રભુત્વ મેળવી લીધું. પછી એમને ગુરજીની વિદાય લીધી.



**અમર વારસો**
ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૪) એમને પોતાનું સંગીતવૃંદ હતું. પોતે ચાલીસા ગાય અને હારમોનિયમ વગાડે. નીના રાવ એમના સહગાયિકા. શેરીએ શેરીઓમાં ફરે. આકર્ષાઈને લોકટોળા એની પાછળ પાછળ ફરે. ક્રિષ્ના રાવ એમની પાસે ગવરાવે. એ દેશે દેશમાં ફરે. આ લોકસંકીર્તનો પાંત્રીસ વરસથી ચાલે. ઈ.સ. ૨૦૧૩ની સાલ મહત્ત્વની. એની આ લોક પ્રવૃત્તિ ઉપર જેરમી ફ્રિન્ડેલે ડોક્યુમેન્ટરી ફિલ્મ બનાવી. આ જ વરસે આંતરરાષ્ટ્રીય ગ્રેમી એવોર્ડ માટે એમનું નોમીનેશન થયું. ક્રિષ્નાદાસના આ સંકીર્તનો અત્યારે પણ ચાલુ જ છે. પશ્ચિમને હનુમાન ચાલીસાનો પરિચય આપવાનું શ્રેય એમને છે.

(૫) પોતે કવિ છે એમણે પુસ્તક ઈ. ૨૦૦૭માં પ્રકાશિત કર્યું. ચેઈન્ટિંગ ધ હનુમાન ચાલીસા - ફલો ઓફ ગ્રેસ' પુસ્તક એટલું પ્રસિદ્ધ. ૨૦૧૯ અને ૨૦૨૨માં એની બીજી અને ત્રીજી આવૃત્તિ થઈ. આમાં એમણે આ સ્તુતિની ચોપાઈઓના અંગ્રેજી પદ્ય અનુસાર આપ્યા.

(૬) અહીં એના ઉદાહરણ આપ્યા છે :

હાથ વજ્ર ઔ ધ્વજા બિરાજૈ ।
કાંધે મૂજ જનેઉ સાજે ॥
ઈન યોર હેન્ડ્સ શાઈન મેસ
એન્ડ એ બેનર.
એ સેક્રેડ થ્રેડ એડૉર્ન.
યોર શોલ્ડર ॥ ૬ ॥
પ્રભુ મુદ્રિકા મેલિ મુખ માહીં ।
જલદિ લાંધિ ગયે અચરજ નાહીં ॥
હોલ્ડિંગ ધ લોર્ડઝ રીંગ ઈન યોર માઉથ,
ઈટ્સ નો સરપ્રાઈઝ
ધેટ યુ લીપ્ટ ઓવર ઓશન ॥ ૧૯ ॥
સંકટ તે હનુમાન છુડાવે ।
મન ક્રમ વચન ધ્યાન જો લાવૈ ॥
હનુમાન, યુ રિલીઝ ફ્રોમ યે ફિલકશન ઓલ ધોઝ,
હું રિમેમ્બર યુ ઈન થોટ, વર્ડ એન્ડ ડીડ ॥ ૨૬॥
ઔર દેવતા ચિત્ત ન ધરઈ ।
હનુમત સેઈ સર્વ સુખ કરઈ ॥
વ્હાય વરશીપ એની અધર દિતીઝ ।
ફ્રોમ હનુમાન યૂવીલ
ગેટ ઓલ હેપીનેસ ॥ ૩૫ ॥
હનુમાનચાલીસાના આ વિદેશી ઉદ્દ્ગારોને વંદન.

# "શિવ સમીપે...કૈલાશ માનસરોવર યાત્રા:"



**ક્ષણના ચણીબોર**
વી. એસ. ગઢવી

સફર દૂર કા તય કરલીયા
હમને, તલાશ અબ
મંઝિલ કી નહિ, ખુદ કી હે.

જીવનમાં ઉપર જણાવેલી સીધી તથા સરળ વાત સમજવામાં પણ ઘણો લાંબો સમય જાય છે. સ્વની શોધ અને પછી સ્વની ઓળખ એ આજના સંદર્ભમાં કે કોઈપણ કાળે એક મહત્વની બાબત છે. સચિવાલયના એક નિવૃત્ત છતાં સતત પ્રવૃત્ત રહેતા અમારા સાથી અધિકારીના પુસ્તકના વિમોચન વખતે સ્વની ઓળખ બાબત વિચાર કરવાનો અવસર મળ્યો. અલબત્ત, મુખ્ય બાબતો સ્વાભાવિક રીતે જ પુસ્તકની વિગતોની આસપાસ ગુંથાયેલી રહી.

જે પુસ્તકના વિમોચનની વાત થઈ રહી છે તે કૈલાશ માનસરોવરની યાત્રાને સંબંધિત છે. પુસ્તકના લેખક અશ્વિનભાઈ દવે છે. સચિવાલયમાંથી નિવૃતિ પામેલા એક વરિષ્ઠ અધિકારી એ નિવૃતીમાં પણ સતત પ્રવૃતિશીલ રહીને સમાજને યથાશક્તિ ઉપયોગી થવાનો પ્રયાસ કરે છે. આપણી પ્રમાણમાં મજબૂત ગણાતી કુટુંબ વ્યવસ્થા વ્યક્તિને આ પ્રકારે સામાજિક કાર્યો કરવામાં પૂરક તથા સમર્થક બની રહે છે તે બાબત અહીં ધ્યાનમાં આવે છે. પ્રમાણમાં કપરી ગણાતી આ યાત્રા સંબંધી મહત્વની તથા ઉપયોગી માહિતી મુકવાનો અહીં લેખકનો પ્રયાસ છે. યાત્રા સંબંધી પુસ્તકો ગુજરાતીમાં લખાતા રહે છે. જો કે તેની સંખ્યા મર્યાદિત છે. ઈંગ્લીશમાં યાત્રાને સંબંધિત અનેક પુસ્તકો જોવા મળે છે. આવા પુસ્તકનો હેતુ સામાન્ય રીતે ગમતાનો ગુલાલ કરવાનો હોય છે. પોતાને જે અનુભવો થયા તેનો અણસાર અન્ય લોકોને પણ આવે તેવો પ્રશંસનીય હેતુ અહીં જોવા મળે છે. આ હેતુ ઉપરાંત સમાન પ્રકારની યાત્રા માટે તૈયારી કરતા અનેક લોકોને યાત્રાની તૈયારી કરવા અંગેનું વાસ્તવિક માર્ગદર્શન પણ મળી રહે તેવો ઉદ્દેશ પણ પુસ્તક લખવા પાછળ રહેલો હોય છે. અહીં પણ આ પુસ્તકના લેખકનો હેતુ ભવિષ્યમાં કૈલાશ માનસરોવરની યાત્રા કરનારને વાસ્તવિક તથા ઠોસ માર્ગદર્શન પૂરું પાડવાનો છે.

યાત્રાના અનુભવો કે સંસ્મરણોમાં ઘણું કરીને બે ત્રણ મહત્વની બાબતોનો સમાવેશ થવો જરૂરી છે. અહીં આ પુસ્તકમાં પણ તેનો સમાવેશ થતો જોવા મળે છે. પ્રથમ તો પ્રવાસમાં થયેલો આનંદ તથા જોયેલી અને માણેલી વિગતોનો વિગતવાર ઉલ્લેખ હોય તો ભવિષ્યમાં તેના આધારે અન્ય લોકો પણ યાત્રાનું આયોજન ગોઠવી શકે. આવી વિગતોથી અનેક લોકોને યાત્રાએ જવાની પ્રેરણા મળે છે. પ્રવાસ માટેનો ઉત્સાહ પ્રગટે છે.

દેશમાં જે યાત્રાઓ વિશેષ જાણીતી તથા લોકપ્રિય છે તેમાં કૈલાશ માનસરોવરની યાત્રાનો પણ સમાવેશ થાય છે. આ પુસ્તક(શિવ સમીપે...કૈલાશ માનસરોવરની યાત્રા)નું આલેખન કોઈ વ્યવસાયી લેખકને બદલે ભાઈ અશ્વિન દવે તરફથી કરવામાં આવ્યું છે તેથી તે થોડું અલગ પડે છે. અહીં આ બાબતનું લખાણ કરનારનો હેતુ માત્ર એટલો જ છે કે તેમના જેવા અનેક લોકોને આ પુસ્તક થકી કેટલાક પાયાની બાબતોની જાણકારી મળી શકે. યાત્રા દરમિયાનના તેમના અનુભવોમાં ચીનના ઈન્ફ્રાસ્ટ્રક્ચર બાબતમાં મહત્વનું અવલોકન છે. વળાંક સાથેના પર્વતીય વિસ્તારમાં જયારે શરૂઆતમાં જ મુસાફરી કરવાની થઇ ત્યારે સમજાયું કે ચીનના કેરુંગ નગર તરફ જતો રસ્તો ઘણો સારો હતો. આવા વિસ્તારોમાં સારા રસ્તાઓ હવે આપણાં દેશમાં પણ જોવા મળે છે. વાહન તેમજ ડ્રાઈવર એ બંને સફરની સલામતી માટે મહત્વની બાબતો છે. અહીંયા આ બંને બાબત સંતોષકારક હોવાનું અવલોકન એ કૈલાસની યાત્રાએ જનારા લોકો માટે મહત્વનું છે. ઉત્સાહપ્રેરક છે.

અશ્વિનભાઈ દવે છેલ્લા ૨૨ વર્ષથી ગાંધીનગરમાં યોગના અભ્યાસક્રમ માટેના વર્ગો ચલાવે છે. મૂળભૂત રીતે દિવ્ય જીવન સંઘ સાથે તેઓ સંકળાયેલા છે. દિવ્ય જીવન સંઘનું નામ સાંભળતા જ સ્વામી શિવાનંદજીની સ્મૃતિ થાય તે સ્વાભાવિક છે. ભારત સરકારે યોગને મહત્વ આપ્યું અને તેનો વૈશ્વિક સ્તરે પણ સ્વીકાર થાય તેવો પ્રયાસ કર્યો તે ખુબ જ આવકારદાયક બાબત છે. પરંતુ પુણ્યશ્લોક સ્વામી શિવાનંદજીએ વર્ષો પહેલા દિવ્ય જીવન સંઘની સ્થાપના દ્વારા યોગ શિક્ષણનો પ્રચાર-પ્રસાર કરી રહ્યા છે. કોઈ પણ પ્રકારના આર્થિક ઉપાર્જનનો વિચાર પણ કર્યા સિવાય યોગના વર્ગો દેશભરમાં ચાલે છે. અશ્વિન દવે જેવા સમર્પિત લોકો તેમાં સંપૂર્ણ નિષ્ઠાથી પોતાનું યોગદાન આપે છે. પોતાની તમામ કૌટુંબિક તથા સામાજિક જવાબદારી નિભાવવા ઉપરાંત બાવીસ વર્ષ સુધી આવી નિઃસ્વાર્થ સેવા આપનાર અશ્વિન દવેની આ પણ એક ઓળખ છે. કૈલાશ માનસરોવરની આ યાત્રા દરમિયાન પણ અશ્વિનભાઈની હેલ્થ ટિપ્સનો લાભ સહપ્રવાસીઓને સતત મળતો રહ્યો છે. પ્રાણાયામ તથા યોગ નિદ્રા જેવી બાબતોના અભ્યાસથી વ્યક્તિ પ્રતિકૂળ સંજોગોમાં પણ સ્વસ્થ રહેવાની શક્તિ મેળવી શકે છે. થોડી શારીરિક સજ્જતા હોય તો પ્રમાણમાં કપરી જણાતી હોય તેવી યાત્રાઓ પણ થઇ શકે છે તે વાતની અહીં પ્રતિતિ થાય છે. કૈલાશ પર્વતનું વિશિષ્ટ દર્શન એ આ સમગ્ર યાત્રાનું મહત્વનું પરિમાણ છે.

ગુજરાતીઓ 'વિશ્વપ્રવાસી' છે. ન્યુયોર્ક કે સિડનીના એરપોર્ટ પર કોઈક ખૂણે તમને ગુજરાતી ભાષામાં સંવાદ સાંભળવા મળે તો તેનું આશ્ચર્ય થવું જોઈએ નહિ. યાત્રા સાથે જ ચોક્કસ ફૂડના મેનુ તરફ પણ ગુજરાતીઓનું ધ્યાન રહે છે. એક રીતે ગણીએ તો આવી યાત્રાના કારણે ગુજરાતીઓની બહારનું અપનાવી લેવાની શક્તિ વધી છે. જેને એક સારી બાબત ગણાવી શકાય. આજકાલ યાત્રાઓના સ્થળોને લઈને પેકેજ ટુરના અવનવા આકર્ષણોનો સતત પ્રચાર થતો રહે છે. આવી પેકેજ ટુરના ઘણાં માઠા અનુભવો પણ અનેક લોકોને થતા હોય છે. આથી આવા આયોજકોની વાત પણ જેમને અનુભવ થયો છે તેમણે તે અનુભવ શેર કરવાનું વલણ રાખવું જોઈએ. આ બાબત પણ એક ઉપયોગી માર્ગદર્શન સમાન છે. અશ્વિનભાઈના આ પ્રથમ પ્રયાસનું સ્વાગત છે.

# 'શિવરંજની'ના સુવર્ણજયંતિ વર્ષના 'સોનેરી' મણકા સમો, ફરી ફરી યાદ આવ્યા જ કરે એવો મસ્ત સુરીલો કાર્યક્રમ 'દિલ ને ફિર યાદ કિયા'

'સૌ સારું, જેનો અંત સારો....' એવું કહેવાતું હોય છે પણ શિવરંજની ગાંધીનગર માટે કહેવું પડશે કે સંસ્થાના ૨૦૨૨-૨૩ના વર્ષનો આરંભ, મધ્ય અને સમાપન બધું જ કાર્યક્રમોની દષ્ટિએ 'એ-વન' રહ્યું. કયાંય કશું કાચું નહીં, કશું નબળું નહીં એની સભ્યોને પ્રતીતિ કરાવી.

'શિવરંજની'નું સુવર્ણજયંતિ વર્ષ હતું એટલે એની ઊજવણી જાનદાર શાનદાર જ હોવી ઘટે એવી નેમ સાથે, સંસ્થાના 'ટીમ શિવરંજની' એ સુવર્ણ જયંતિ વર્ષના મણકા ૧ થી ૪ રૂપે પ્રસ્તુત કરેલા કાર્યક્રમો વૈવિધ્યસભર, ઊંચી કક્ષાના, ગુજરાત-મુંબઈના ખ્યાતનામ કલાકારોના અને યાદગાર હતા. અને એ જ રીતે તા. ૨૯ માર્ચે રજૂ કરેલો આ વર્ષનો છેલ્લો પ્રોગ્રામ - મણકા-પનો કાર્યક્રમ 'દિલ ને ફિર યાદ કિયા' પણ યાદગાર રહ્યો. માણનારા અચૂક કહ્યા કરશે કે 'શિવરંજની કે ઈસ પ્રોગ્રામ કો હમને બાર બાર યાદ કિયા....' 'દિલ ફિર યાદ કિયા' પ્રોગ્રામ હિંદી ફિલ્મોનાં સદાબહાર, મીઠા મધુરાં મેલોડિયસ અને કલાસિકલ - સેમી કલાસિકલ ગીતોની મહેફિલનો યાદગાર કાર્યક્રમ હતો.

ફિલ્મ 'કલ્પના'માં મન્નાડે - રફી સાહેબે ગાયેલા, ભગવાન આશુતોષ - નટરાજની સ્તુતિ સમા ગીત 'તુ હૈ મેરા પ્રેમદેવતા, જીન ચરણોં કી દાસી હું મૈં.... મન કી પ્યાસ બુઝાને આઈ, અંતરઘટ તક પ્યાસી હું મૈં....' થી જાણીતા ગાયક નિરજ પાઠક અને વોઈસ ઓફ રફી નિલેશ બ્રહ્મભટ્ટે કાર્યક્રમના શ્રી ગણેશ કર્યા અને એ સાંભનાતા જ કલાકારોની સજ્જતા, પ્રોગ્રામની 'હાઈટ' નો સૌને અંદાજ આવી ગયો અને સૌ સંગીત રસિકોની વધુ અને એક એકથી ચડિયાતાં ગીતો માણવાની જાણે કે 'પ્યાસ' તીવ્ર બની ગઈ હતી !

કાર્યક્રમના કલાકારો બહેન આનલ વસાવડા ઠક્કર, આપણા જાણીતા (ચહિતા) નિરજ પાઠખ અને ગાંધીનગર માટે કદાચ પહેલીવાર જ રજૂ થયેલા નિલેશ બ્રહ્મભટ્ટની ગાયિકીને વખાણવી ગવાયેલાં ગીતોની (સરાહના) કરવી, ઓરકેસ્ટ્રાના 'પરફેક્શન' ને દાદ દેવી, નિવડેલા ઉદ્દ્ઘોષક મોહસીન શેખના સંચાલનની વાહ વાહ કરવી કે ગીતોની પસંદગી માટે 'શિવરંજની' એ કરેલા 'હોમ વર્ક' અને કલાકારો સાથેના એના સંકલન -ફોલોઅપને વખાણવા એની મીઠી મૂંઝવણ સમગ્ર કાર્યક્રમ દરમિયાન અનુભવાઈ, કેમકે ગીતો, કલાકારો, સંગીત સંચાલન, કોમ્પિયરીંગ વધુ જ કાબિલેદાદ (પરફેક્ટ એન્ડ બેલેન્સીંગ) સિમ્પલી સુપર્બ !!

કદાચ આનલજીએ ફક્ત ફઈલ્મ 'માયા'ની મઝરુહ સુલતાનપુરીની રચના 'જા રે... જારે ઊડ જારે પંછી, બહારોં કે દેશ જા રે યહાં કયાં હે મેરે પ્યારે, કયૂં ઊજડ ગઈ બગિયાં મેરે મન કી....' કે આરંભતા સુંદર આલાપ સાથે 'આંખો સે જો ઉતરી હૈ દિલ મેં તસવીર હૈ ઈક અન્જાને કી, ખુદ ઢૂંઢ રહી હૈ શમ્મા તુ જે કયાં બાત હૈ ઈસ પરવાને કી...' (ફિલ્મ : ફિર વોહી દિલ લાયા હું) અથવા તો ભાઈ નિરજ સાથે ફિલ્મ 'સતી સાવિત્રી' નું પ્રેમના અતૂટ બંધનના પ્રતીકનું ડ્યુએટ તુમ ગગન કે ચંદ્રમા હો, મૈં ધરા કી ધૂલ હૂં.... તુમ હો પૂજા મેં પૂજારીન....' સંભળાવ્યું હોત કે પછી સંગીતકાર મદનમોહન દ્વારા સંગીતબદ્ધ કરાયેલ લતાજીએ ગાયેલી, રાગ મધુવંતી આધારિત, મશહૂલ ગઝલ 'રસ્તે ઉલફત કો નિભાયેં તો નિભાયેં કૈસે, હર તરફ આગ હૈ દામન કો બચાયેં કૈસે....' જ રજૂ કર્યો હોત, નિરજ પાઠકે 'તુ હૈ મેરા પ્રેમદેવતા....' ઉપરાંત માત્ર 'મેરે નૈના સાવન ભાદો, ફિર ભી મેરા મન પ્યાસા.... ' (ફિલ્મ : મહેબૂબા સંગીત - આર.ડી.બર્મન) અને 'સંગીત સમ્રાટ તાનસેન' ફિલ્મનું મુકેશે ગાયેલ 'ઝૂમતી ચલી હવા યાદ આ ગયા કોઈ....' તથા'ઝિંદગી કૈસી હે પહેલી હાયે... કભી યે હસાએ કભી યે રૂલાયે....' (ફિલ્મ : આનંદ) કે કલાસિકલ ગીત 'લાગા ચુનરી મેં દાગ છૂપાઉં કૈસે.....' (રાગ ભૈરવી, ગાયક મન્નાડે, ફિલ્મ : (દિલ હી તો હૈ) જ સંભળાવ્યાં હોત અને નિલેશ બ્રહ્મભટ્ટજીએ પણ સંપૂર્ણ શાસ્ત્રીય ગીત 'મધુવન મેં રાધિકા નાચી રે.... ગિરધર કી મુરલિયા બાજી રૈ.....' (ફિલ્મ : કોહીનૂર, સંગીત - નૌશાદ) અને 'અકેલે હૈ ચલે આઓ.... જહાં હો, કહાં આવાઝ દે તુમકો કહાં હો....' (ફિલ્મ : રાઝ, સંગીત : કલ્યાણજી આનંદજી) અથવા તો મહંમદ રફીએ ગાયેલા મૂળ સ્કેલમાં જ બખૂબી ગાયેલ, ફિલ્મ 'બૈજુ બાવરા'નું દર્દ- આર્તનાદ ભર્યું ગીત 'ઓ દુનિયા કે રખવાલે, સુન દર્દ ભરે મેરે નાલે.... આશનિરાશ કે દો રંગો સે દુનિયા તુને સજાઈ' પ્રસ્તુત કર્યા હોત તો ય જમાવટ હતી ને કાર્યક્રમ 'ફૂલ્લી પૈસા વસૂલ' હતો. પણ એમણે તો શ્રી પંકજ પાઠકજીના સુંદર સંગીત સંચાલનમાં અને નિવડેલા વાદ્યકારોના સથવારે આવાં મજેદાર - મેલોડિયસને વર્ષોથી લોકહૈયે ને જીભે ચઢેલા - રહેલાં, શ્રેષ્ઠ, ચૂંટેલા પૂરાં ચોવીસ ગીતોનો રસથાળ પીરસી દીધો અને સાંભળનારા સૌ પરિતૃપ્ત કર્યા. (છેલ્લા કાર્યક્રમના ડિનરથી મળેલી તૃપ્તિ ઉપરાંત !!)



**ટહૂકાર**
પ્રકાશ લાલા

આવા, વીતેલાં વર્ષોનાં, શબ્દ-સંગીત, સ્વરના વન્ડરફૂલ કોમ્બિનેશનવાળા જે બીજાં ગીતો 'દિલ ને ફિર યાદ કિયા' કાર્યક્રમમાં ગવાયાં તે પણ 'લાઈવ પરફોર્મન્સ' માં વારંવાર સાંભળવાં અને સાથે ગાવાં ગમે એવાં સરસ હતા.... પછી એ 'આંધી' ફિલ્મનું કિશોર - લતાએ, ગાયેલું પછી એ આર.ડી. બર્મન સંગીતબદ્ધ ડ્યુએટ 'ઈસ મોડ સે જાતે હૈ, કુછ સુસ્ત કદમ રસ્તે .... કુછ તેજ કદમ રાહેં.....' (આનલ વસાવડા - નિરજ પાઠક) હોય કે આનલ અને નિલેશ બ્રહ્મભટ્ટ પ્રસ્તુત મજાનું યુગલ ગીત 'યે દિલ તુમ બીન કહીં લગતા નહીં હમ કયાં કરે.....' તસ્સવુર મેં કોઈ બસતા નહીં હમ કયા કરે....' (ફિલ્મ : ઈજ્જત, સંગીત : એલ.પી.) કે ટ્રાયો સોંગ 'દિલ ને ફિર યાદ કિયા... બર્ફસી લહર આઈ હૈ.... મહોબ્બત કી કોઈ ચોટ ઉભર આઈ હૈ.....' (મહંમદ રફી, સુલન કલ્યાણપુર, મુકેશ - અહીં (નિલેશ બ્રહ્મભટ્ટ, આનલ વસાવડા, મોહસીન શેખ) હોય, એ રજૂ થતાં, જ સૌ ઝૂમી ઊઠતાં હતા.

તો ફિલ્મ 'દિલ્હી કા ઢગ'નું કિશોરકુમાર - આશાએ ગાયેલું ગીત 'યે રાતે યે મૌસમ નદી કા કિનારા.... યે ચંચલ હવા, કહા દો દિલ ને મિલકર ન હોંગે જુદા....' આનલજીનો આલાપ સાથે, ભાઈ નિરજના કંઠેથી રજૂ થયું ને જમાવટ કરી ગયું. નિરજ પાઠકની, આર.ડી. એ સ્વર બદ્ધ કરેલ 'ઓ માંઝી રે, અપના કિનારા.... નદિયા કી ધારા.....' ગીતની પ્રસ્તુતિ હોય કે આનલબેન પાસેથી સાંભળવા મળેલ કૈફી આઝમી લિખિતિ 'હસતે જખમ' ફિલ્મની મદન મોહનજીની ગઝલ 'બેતાબ દિલ કી તમન્ના યહી હૈ.....' તુમે અપના બના લે (લતા મંગેશકર) હોય, કે પછી રાગ હંસધ્વનિ આધારિત લતા-મન્નાડે કલાસિકલ ડ્યુએટ 'જા તૌસે નહીં બોલું કનૈયા, રાહ ચલત, પકડી મોહી બૈંયા....'ની પ્રભાવક પ્રસ્તુતિ હોય, બધાં ગીતોને શ્રોતાઓની સતત ભારે દાદ મળતી રહી હતી.

'મન રે તું કાહે ના ધીર ધરે.... યે નિર્મોહી મોહ ના જાને..... કિસકા મોહ કરે.....' (ફિલ્મ : ચિત્રલેખા, સંગીત : રોશન) પછી નિરજજી પ્રસ્તુત હેમંતકુમારે ગાયેલ ફિલ્મ 'મમતા'નું યમન રાગ આધારિત ગીત 'છુપાયો યું દિલ મે પ્યાર મેરા, કે જૈસે મંદિર મેં લૌ દિયે કી....' ફિલ્મ 'મેરા નામ જોકર'નું 'રાગ' 'શિવરંજની' આધારિત ગીત 'જાને કહાં ગયે વો દિન..... હોય, એમ બદાં જ સુંદર ગીતો, સુરીલા નિવડેલા કંઠ, મર્યાદિત વાદ્યો છતાં ઓરિજિનલ મ્યુઝિકલ ટ્રેકની પૂરી 'ફિલ' આપે તેવા સંગીત સાથે અને અનેક 'મ્યુઝિકલ નાઈટ્સ'નું સફળ - લોક ભોગ્ય - માપસરનું છતાં માહિતીસભર (ફિલ્મી ગીતોના સર્જકો - સંગીતકારો ને કલાકારો વિશેની માણવી - જાણવી ગમે એવી માહિતી) સંચાલનના અનુભવી- જાણીતા મોહસીન શેખના સથવારે સમગ્ર કાર્યક્રમ 'શિવરંજની' ના સુવર્ણજયંતિ વર્ષનો 'સોનેરી મણકો' બની રહ્યો એમ આ પ્રોગ્રામ (ઝીલનારા) સૌ એક અવાજે કહેશે એમાં શંકા નથી.'

આ અને વીતેલા વર્ષના તમામ ઉત્કૃષ્ટ કાર્યક્રમોના આયોજન માટે 'શિવરંજની, ગાંધીનગર'ને સુરીલા અભિનંદન તો હોય જ. શિષ્ટ સંગીતના જનતા - સંવર્ધનને વરેલી ભેળધારી આ સંસ્થાએ તેના સંગીત પ્રેમી સભ્યોએ મોજ કરાવી છે. એટલે એ બધા તો પૂરા સંતોષ ને આનંદ સાથે નવા વર્ષે 'શિવરંજની સાથે રહેશે જ પણ બીજા સંગીત રસિકો ય જોડાશે તો 'ખોટ નો ધંધો' નથી પણ લાભ જ લાભ છે એ ચોક્કસ વાત છે... સો, ગેટ યોર મેમ્બરશીપ ટૂ ડે.... ઈફ નોટ યટ.

# કુંવારા ચીમનનાં કન્યા માટેનાં ધોરણો...



**રંગ અને વ્યંગ**
અનંત પટેલ

અમારા મિત્ર ચીમન ચપટીને માટે કન્યા જોવા જવાનું હતું એટલે અમે આ બાબતે એનો અભિપ્રાય લેવાનું યોગ્ય ગણીને એને પૂછપરછ કરીતો એણે કન્યા વિશે નીચે મુજબ જણાવ્યું.........

★ એ રૂપાળી હોવી જોઇએ,
★ એની કાયા પાતળી હોવી જોઇએ,
ઓછામાં ઓછુ બારમા સુધી ભણેલી હોવી જોઇએ,
★ સ્વભાવે સાલસ અને મિતભાષી હોવી જોઇએ,
★ મધ્યમ કુટુંબમાંથી હોવી જોઇએ,
★ એનાં મા બાપનું એકનું એક સંતાન હોય તો બહેતર,
★ એની કોઇ ખરી ખોટી વાત ઉડેલી ના હોવી જોઇએ,
★ એની મમ્મીના ગુણ અવગુણ પણ જાણવા પડે જેથી ઝાડ આધારે ફળનો ખ્યાલ આવી શકે,
★ સગાઇ કર્યા પછી ટૂંક સમયમાં લગ્ન લેવાની ગણતરી હોવી જોઈએ,
★ કંઈ દહેજ નહિ લાવે તો ચાલશે,
★ લગ્ન પછી મારી મરજી મુજબ જ રહેવું પડશે,
★ લગ્ન પછી એના પિયરની કોઇ ડખલ ચલાવાશે નહિ,
★ વધુ પડતી હસાહસ નહિ ચલાવું,
★ બધી રસોઈ તો આવડવી જ જોઈએ,
★ ક્યારે ય પારકી પંચાત કરવાની નહિ, ચીમન હજી વધારે મુદ્દા આપવા જતો હતો પણ મેં એને અટકાવીને કહ્યું,

★- ભઇ તું જણાવે છે એવા બધા ગુણવાળી કે તારી બધી શરતો માની જાય એવી કન્યા તો ભગવાને ઘડવા સ્પેશ્યલ બેસવું પડે એમ લાગે છે, " એટલે તું હવે લગ્નનું માંડી વાળે એ જ ઉત્તમ લાગે છે, તું આટલી બધી અપેક્ષા કન્યા માટે રાખે છે તો તેં તારું કેલિબર કે તારી લાયકાતો જોઈ છે ખરી ?? કે પછી એમ જ મંડાઈ ગયો છે ??? "

અમારા સવાલ અને વાતો સાંભળી એ બોલ્યો કે આ તો તમે કન્યા કેવી જોઈએ એમ પૂછ્યુ એટલે મેં તો કીધુ, બાકી મને ખબર જ છે કે આવી કન્યા તો મળવી મુશ્કેલ છે.....

★- પછી તો યોગ્ય કે અયોગ્ય કોઈપણ કન્યા ન મળવાથી ચીમન ચપટીએ લગ્ન કરવાનું માંડી જ વાળ્યુ કેમ કે એણે જેવી વર્ણવી એવી કે એનાથી ઉતરતી કન્યા પણ મળે એમ હતું જ નહિ એટલે એ ય બિચારો (??) શું કરે ? પાછો એ પોતાનાં કન્યાની પસંદગીનાં ધોરણોમાં જરા ય બાંધ છોડ કરવા તૈયાર થયો ખરો પણ તો ય કાંઈ વળ્યુ નહિ ....!!!!!!

★ જો કે આજે એ અમારા ગામમાં કન્યા નહિ મળ્યાના ગમ સાથે મોજથી જીવે છે, અને એને કન્યા નહિ મળ્યાનો કોઈ અફસોસ છે જ નહિ...

★ એ તો એની ભાભીઓનાં ટાંપાંટૈયાં કરે છે અને મિત્રોની કે ભાભીઓની મહેરબાનીથી જે મળે તે જમીને જીવન ગુજારે છે, ....

★ એ પાછો દિલનો, હાથનો અને નજરનો સાફ છે એટલે આજ સુધી એના કુંવારા જીવનમાં એને કશી તકલીફ તો નથી જ પડી...અને પડશે પણ નહિ...

9898409053
- anantpatel135@yahoo.com